# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે પ્રાકૃતિક કૃષિ મેળાનું આયોજન

તા. ૨૫/૦૨/૨૦૨૬ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ (ગાંધીનગર) આત્મા (અમદાવાદ) અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી. ભુપેન્દ્ર ચુડાસમા, શ્રીમતી. એમ.એસ. દવે (સંયુક્ત ખેતી નિયામક – વિસ્તરણ, અમદાવાદ), શ્રી. હિતેશભાઈ પટેલ (જીલ્લા ખેતીવાડી અધિકારી) અને બાગાયત તેમજ કૃષિ વિભાગના અન્ય અધિકારીશ્રી હાજર રહેલા હતા. કાર્યક્રમ દરમિયાન ડો. વિરેન્દ્ર પરમાર (વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા), ડો. ચિરાગ ડામોર (સહ સંશોધન વૈજ્ઞાનિક), ડો. ભાસ્કર જેઠવા (વૈજ્ઞાનિક) અને ડો. નિતીન પટેલ (વૈજ્ઞાનિક) એ પ્રાકૃતિક કૃષિ વિષે માર્ગદર્શન આપ્યું હતું. મેળા બાદ સર્વે અધિકારીશ્રીઓએ કેવીકે, અરણેજ અને કૃસંકે, અરણેજ ના સંયુક્ત સ્ટોલની મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક પ્લોટની મુલાકાત લીધી હતી અને બંને કચેરીના કાર્યોને બિરદાવી હતી. સદર કાર્યક્રમમાં અમદાવાદ જીલ્લાના ૫૦૦ થી વધુ ખેડૂત ભાઈ બહેનોએ હર્ષભેર ભાગ લીધો હતો.












નિમાસ્ત્ર

